# હિંમતનગર સ્ટેટ બેંકની મુખ્ય શાખામાં છ કર્મચારીઓને કોરોના

## મોડાસા યુજીવીસીએલ કચેરીમાં આરોગ્ય તંત્રએ ૧૫૦ જેટલા કર્મચારીઓનું રેપિડ કીટથી કોરોના ટેસ્ટિંગ હાથ ધર્યુ

મોડાસા, તા. ૧૭

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં કોરોનાનું સંક્રમણ રોકેટગતિએ વધી રહ્યું છે. બંને જીલ્લામાં રેપિડ ટેસ્ટમાં અનેક લોકોમાં શંકાસ્પદ કોરોનાના લક્ષણો જોવા મળી રહ્યા છે. આરોગ્યતંત્ર હળવા લક્ષણો ધરાવતા દર્દીઓને હોમ આઈસોલેટ કરી રહી છે અરવલ્લી જીલ્લા આરોગ્યતંત્રએ મોડાસાની યુજીવીસીએલ કચેરીમાં ફરજ બજાવતા ૧૫૦ જેટલા કર્મચારીઓનું રેપિડ કીટથી કોરોના ટેસ્ટિંગ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં એક કર્મચારીમાં શંકાસ્પદ કોરોનાના લક્ષણો જોવા મળતા આરોગ્યતંત્રએ કર્મચારીનો બીજીવાર કોરોનાનો ટેસ્ટ કરવા અને આઈસોલેટ કરવામાં આવ્યો હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. યુજીવીસીએલ કચેરીમાં રોજ અસંખ્ય લોકો મુલાકાત લેતા હોવાથી કોરોનાનું સંક્રમણ ફેલાય નહિ તે માટે સાવચેતીરૂપે કર્મચારીઓનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો, ગુરુવારે અરવલ્લી જીલ્લામાં વધુ કોરોનાના ૬ કેસ નોંધાતા ૪૫૨ પર કોરોનાનો અંક પહોંચ્યો છે અત્યાર સુધી ૫૦ થી વધુ લોકોને કોરોના ભરખી ગયો છે.



હિંમતનગરના સિવિલ સર્કલ નજીક આવેલી સ્ટેટ બેંકની મુખ્ય શાખામાં બુધવારે છ કર્મચારી સંક્રમણને કારણે કોરોના પોઝેટીવ આવતા મુખ્ય શાખાનું કામ થંભાવી દેવામાં આવ્યું છે અને કોરોના પોઝેટીવ આવેલા કર્મચારીઓના રેપીડ ટેસ્ટ કરાયા બાદ જે ચિત્ર સામે આવ્યુ છે. તેના લીધે અન્ય કર્મચારીઓમાં ભય ફેલાયો છે. એક માસ અગાઉ પણ હિંમતનગરની આ મુખ્ય શાખામાં કોરોના પોઝેટીવના કેસ આવતા બેંકનું કામ બંધ કરી દેવામાં આવ્યુ હતું. હિંમતનગરના સિવિલ સર્કલ નજીક આવેલી સ્ટેટ બેંકની વડી શાખાની વડીશાખામાં કામ કરતા છ કર્મચારીઓ કોરોનામાં સપડાયા છે. જે અંગે બુધવારે કર્મચારીઓના કરાયેલા રેપીડ ટેસ્ટ બાદ ચીત્ર સ્પષ્ટ થયુ છે ત્યારબાદ બેંકના ઉચ્ચ અધિકારીઓ ધ્વારા કામકાજ રોકી દેવામાં આવ્યુ હતું, જોકે ખાતેદારોને મુશ્કેલી ન પડે તે માટે શહેરમાં આવેલી સ્ટેટ બેંકની અન્ય શાખાઓમાં કામકાજ રાબેતા મુજબ ચાલુ રહેશે. ઉલ્લખનીય છે કે એક માસ અગાઉ પણ સ્ટેટ બેંકની આ મુખ્ય કચેરીમાં કોરોના પોઝેટીવના કેસ નોધાયા બાદ કેટલાક દિવસ બેંકનું કામકાજ બંધ રખાયુ હતું. મોતીપુરા તથા વડાલી શાખામાં પણ કોરોના પોઝેટીવના કેસ પ્રકાશમાં આવ્યા હોવાનું આધારભૂત સૂત્રોમાંથી જણાવાયુ છે.




# પ્રાંતિજ સ્ટેટ બેંકના ચાર કર્મચારીઓને કોરોના પોઝીટીવ

## બેંક મેનેજર સહિત ત્રણ કર્મચારઓ કોરોના પોઝીટીવ : પ્રાંતિજ એલઆઈસીમાં પણ કોરોનાનો પગપેસારો

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે જેમાં પ્રાંતિજ ખાતે આવેલ એસબીઆઇ બેંકમાં ચાર અને એલઆઈસીમાં બે કોરોના પોઝીટીવ કેસો મળી આવતા સ્ટેટ બેંક ત્રણ દિવસ માટે બંધ રાખવામાં આવશે.

પ્રાંતિજ નાનીભાગોળ ખાતે આવેલ સ્ટેટબેંક ખાતે બેકમા મેનેજર તરીકે ફરજ બજાવતા અમિતકુમાર રંજન હાલ રહે. પ્રાંતિજ ઉમાપાર્કનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. બેંકમાં કલાર્ક તરીક ફરજ બજાવતા પુનમભાઇ સેની હાલ રહે. પ્રાંતિજ આશીર્વાદ સોસાયટીનો પણ કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. બેંકમાં ફીલ્ડ ઓફિસર તરીકે ફરજ બજાવતા નિરજભાઈ પરમાર રહે. ગાંધીનગરનો રીપોર્ટ પણ કોરોના પોઝીટીવ આવ્યો હતો અન્ય એક બેંક કર્મચારી અશોક બારોટ રહે. નાનીભાગોળનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો એક સાથે ચાર ચાર કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા હાલ તો બેંકના અન્ય કર્મચારીઓ સહિત બેંક ગ્રાહકોમાં ભયનો માહોલ જોવા મલ્યો છે. પ્રાંતિજ એલઆઈસી ખાતે પણ બે જેટલા કોરોના પોઝીટીવ કેસો મળી આવતાં હાલ તો પ્રાંતિજ નગરજનોમાં પણ કોરોનાને લઈને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

ઉલ્લખનીય છે કે એક માસ અગાઉ પણ સ્ટેટ બેંકની આ મુખ્ય કચેરીમાં કોરોના પોઝેટીવના કેસ નોધાયા બાદ કેટલાક દિવસ બેંકનું કામકાજ બંધ રખાયુ હતું. મોતીપુરા તથા વડાલી શાખામાં પણ કોરોના પોઝેટીવના કેસ પ્રકાશમાં આવ્યા હોવાનું આધારભૂત સૂત્રોમાંથી જણાવાયુ છે.

# ભિલોડા તાલુકા ખેડુત એકતા મંચ ધ્વારા અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારીને વિવિધ પ્રાણ પ્રશ્નો સંદર્ભે પત્ર પાઠવ્યો

ભિલોડા,તા.૧૭

ભિલોડા તાલુકા ખેડુત એકતા મંચ ધ્વારા અરવલ્લી જીલ્લા વિકાસ અધિકારીનો વિવિધ પ્રાણ પ્રશ્નો સંદર્ભે પત્ર પાઠવ્યો હતો. આ વર્ષે ચોમાસાની સિઝન દરમ્યાન ગુજરાત રાજયમાં ૧૨૦ ટકા થી વધુ વરસાદ વરસ્યો છે. ગુજરાત રાજયમાં ઠેર-ઠેર સાર્વત્રીક મેઘમહેર દરમ્યાન નદી, તળાવો, જળાશયો છલકાયા છે. અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારના વિવિધ ગામોમાં નદી પરના કોઝ-વે ધોવાયા છે. પ્રજાજનોને અવરજવર કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ખેડુત એકતા મંચ (ગુજરાત) પ્રમુખ રાહુલકુમાર એસ.ગામેતીએ લેખિતમાં જણાવ્યું હતું કે અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં એકદંરે સારો વરસાદ વરસી ચુક્યો છે. અંતરિયાળ ગામોમાં ચોમાસા દરમ્યાન નદી, વાઘાઓ પર ગરનાળા ન હોવાથી હોસ્પિટલ, શાળા, કોલેજ અને મૃત્યુ સમયે અંતિમધામ જવા માટે અને જીવન જરૂરી ચીજવસ્તુઓ લાવવા માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. મૃત્યુ સમયે નનામીને લઈ સ્મશાનમાં જવા, બિમાર વ્યક્તિને હોસ્પિટલમાં લઈ જવા, બાળકોને અભ્યાસ અર્થે શાળા, કોલેજોમાં અજરજવર કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. નદી ઓળંગીને જતા પ્રજાજનો મોતને મુઠ્ઠીમાં લઈને જીવના જોખમે પોતાનું રોજીંદા કામકાજ અર્થે જઈ રહ્યા છે. ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામ પંચાયતો પાસેથી જોખમી સ્થળોની તપાસ કરી દસ્તાવેજો મંગાવી સત્વરે વિવિધ પ્રાણ પ્રશ્નોનો નિરાકરણ આવે તેવી પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે. અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારો હજુ પણ સર્વાંગી ઝળહળતા વિકાસથી વંચિત છે.



### ડીસામાં આરોગ્ય ટીમની 'ડોર ટુ ડોર' તપાસણી

ડીસામાં કોરોનાનું સંક્રમણ વધતું જાય છે. દરરોજ કોરોના પોઝિટિવ કેસ નોંધાતા જાય છે. જેને લઈ આરોગ્ય વિભાગની ટીમો ખડેપગે થઈ ગઈ છે અને તાલુકા આરોગ્ય અધિકારી ડો. જીગ્નેશ હરિયાણીના માર્ગદર્શન હેઠળ શહેરના જે વિસ્તારમાં કોરોના પોઝિટિવ કેસ નોંધાય ત્યાં સર્વ પ્રથમ સેનેટાઇઝર કરાયાં બાદ હોમ કોરોન્ટાઈન કરાયેલ લોકોની આરોગ્ય વિભાગની ટિમો મુલાકાત લઈ તેમના આરોગ્યની પણ ચકાસણી કરી જરૂરી સલાહસુચન આપે છે.

# દાંતા પંથકના તળાવમાં ડૂબી જતાં યુવકનું મોત

દાંતા, તા. ૧૭

બનાસકાંઠા જીલ્લાના દાંતા પંથકના માણેકનાથ નજીકના



તળાવમાં ન્હાવા પડેલા ૧૮ વર્ષિય યુવકનું મોત થતાં પરિવારજનો શોકમગ્ન બન્યા છે. ડૂબઘંટોડીના ઠાકોરજી મોતીપુરા ગામે ભાગીયા તરીકે કામ કરી જીવન ગુજારે છે. ગઈકાલે સવારે તેમનો પુત્ર અજય ન્હાવા માટે મોતીપુરાના ડુંગરમાં આવેલા માણેકનાથ નજીકના તળાવમાં ગયો હતો. જોકે યુવક પાણીમાં ગરકાવ થઈ જતાં તે ડુબી જતાં તેનું મોત થયુ છે. ઘટના બાદ ગ્રામજનોએ ભારે શોધખોળને અંતે મોડી સાંજે તેનો મૃતદેહ બહાર નિકાળ્યો હતો.

કોરોના મહામારી વચ્ચે ગત દિવસોએ આવેલા ભારે વરસાદને પગલે બનાસકાંઠા જીલ્લામાં નદી-નાળાં છલકાયા છે. આ તરફ દાંતા પંથકના એક તળાવમાં ન્હાવા ગયેલા આશાસ્પદ યુવકનું ડુબી જવાથી મોત થતાં અરેરાટી મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં સ્થાનિકો સહિત પરિવારજનો ઘટના સ્થળે એકઠા થઈ ગયા હતા. જોકે ગ્રામજનોએ ગઈકાલે સવારથી લઈ સાંજ સુધી તળાવમાં લાશની શોધખોળ કર્યા બાદ સાંજે ૪ વાગ્યે મૃતકનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાને લઈ દાંતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ડીસામાં ફૂડ અને ડ્રગ્સ વિભાગનો દરોડો

ડીસા, તા. ૧૭

કોરોના મહામારી વચ્ચે આજે ડીસામાં ફરી એકવાર ફૂડ એન્ડ ડ્રગ્સની ટીમે સપાટો બોલાવ્યો હતો. આજે સવારના સમયે શહેરના લાઠી બજારમાં ફૂડ એન્ડ ડ્રગ્સની ટીમે શંકાસ્પદ ઘીના સેમ્પલ લીધા હતા. તંત્રની કાર્યવાહીને લઇ પંથકના બનાવટી ઘી બનાવતાં વેપારીઓમાં ફફડાટનું વાતાવરણ સર્જાયુ છે. આ તરફ ઘીના સેમ્પલ લીધા બાદ તંત્રએ વધુ તપાસ હાથ ધરી છે. બનાસકાંઠા જીલ્લાના ડીસા શહેરમાં આજે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કાર્યવાહી સામે આવી છે. આજે સવારે ફૂડ એન્ડ ડ્રગ્સની ટીમે ચોક્કસ બાતમી આધારે શહેરના લાઠી બજારમાં ઘીની ફેક્ટરી પણ દરોડા પાડ્યા હતા. તંત્રએ કાર્યવાહી દરમ્યાન સંગમ, શિવમ અને શ્રી ધીના સેમ્પલ લીધા હોવાની પ્રાથમિક વિગતો સામે આવી છે. આજે અચાનક ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કાર્યવાહીથી પંથકમાં બનાવટી ઘી બનાવતાં વેપારીઓમાં ચકચાર મચી ગઇ છે.

# જયઅંબે આશ્રમ બાયડના પ્રમુખનું કોરોના વોરિયર્સ તરીકેનું સન્માન

બાયડ, તા. ૧૭

બાયડ સ્થિત જયઅંબે મંદ બુદ્ધિ મહીલા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત બિનવારસી માનસિક વિકલાંગ (દિવ્યાંગ) બહેનોના આશ્રમના પ્રમુખ અશોકભાઈ જૈનનું બાયડ તાલુકા મંડપ વોરિયર્સ જેવા કે પોલીસ કર્મીઓ, ડોક્ટર્સ, ૧૦૮ની ટીમ, પત્રકાર મિત્રો વગેરેનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

બાયડ તાલુકા મંડપ એસોસિએશનના સક્રિય સભ્ય દીપકભાઈ વાડિયા કે જેઓ



એસોસિએશન દ્વારા કોરોના મહામારીમાં આશ્રમની ૧૪૪ બહેનોની હૃદયપૂર્વક સાર સંભાળ રાખવા બદલ કોરોના વોરિયર્સ તરીકેનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બાયડ તાલુકા મંડપ એસોસિએશનના પ્રમુખ ભુપેન્દ્રભાઈ શાહ(ગાબટ), જિલ્લા પ્રમુખ સુરેન્દ્રસિંહ બાપુ તથા કારોબારી સભ્યોની હાજરીમાં બાયડ અને આસપાસના કોરોના આશ્રમના દરેક પ્રોગ્રામમાં સહકાર આપે છે તેમનું પણ આશ્રમ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રમુખ અશોકભાઈના સન્માન બદલ ટ્રસ્ટના વિનુભાઈ પટેલ, જબ્બરસિંહ રાજપુરોહિત, વિજયભાઈ પટેલ, વિશાલભાઈ પટેલ, મુકેશભાઈ લુહાર તથા ટ્રસ્ટીગણે બાયડ તાલુકા મંડપ એસોસિએશનનો આભાર માન્યો હતો.



મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત અને ગુજકોસ્ટ માન્ય જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, અરવલ્લી તથા સર પી.ટી. સાયન્સ કોલેજ, મોડાસાના સંયુક્ત ઉપક્રમે વર્લ્ડ ઓઝોન ડે નિમિત્તે વેબીનાર યોજવામાં આવ્યો. 'ઓઝોન સ્તરઃ પૃથ્વીનું કુદરતી સંરક્ષણ' વિશે ઓઝોન સ્તરનું સંરક્ષણ કેવી રીતે કરી શકીએ તે સુંદર રીતે ઉમંગભાઈ રાવલ વિજ્ઞાન ટીચર, ગાંધીનગર દ્વારા પ્રેઝન્ટેશન કરવામાં આવ્યુ. વેબીનારમાં મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના પ્રભારીમંત્રી સુરેન્દ્રભાઈ શાહ દ્વારા ઓઝોનના લેયરને બચાવવા માટે શું પગલાં લેવા જોઈએ તેનાથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા, સર પી.ટી. સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કે.પી. પટેલ તથા વિજ્ઞાન વસ્તુના પ્રો.જી. એલ. વેકરીયાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રની ટીમ વતી પટેલ ચંદનબેન તથા જય ચૌધરીએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના પ્રમુખ નવીનચંદ્ર મોદી તથા કેન્દ્રના નિયામક બી.એન.ટી. સરે શુભેચ્છા પાઠવી હતી.

# માલપુર પોલીસે શાળાઓમાં થતી ચોરી અટકાવવા માર્ગદર્શન સેમિનારનું આયોજન

અરવલ્લી જીલ્લામાં છેલ્લા કેટલાક સમયથી તસ્કરો બંધ શાળા અને હાઈસ્કૂલને નિશાન બનાવી ચોરીની ઘટનાને અંજામ આપી રહ્યા છે, ત્યારે જીલ્લા



પોલીસ વડા સંજય ખરાતે શાળાઓમાં ચોરીની ઘટનાને અંજામ આપતા તસ્કરોને ઝડપી પાડવા તમામ પોલીસ મથકોને તાકીદ કરી શાળા અને હાઈસ્કૂલમાં થતી ચોરી અટકાવવા શાળા અને હાઈસ્કૂલના આચાર્યો સાથે સંકલન કરવાનું સૂચન કરતા માલપુર પોલીસે બીઆરસી, સીઆરસી અને આચાર્યઓ સાથે માર્ગદર્શન સેમિનારનું આયોજન કર્યું હતું.

માલપુર પીએસઆઈ એન.એમ. સોલંકીએ માલપુર બીઆરસી ભવન ખાતે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને બીઆરસી તથા સીઆરસી ઉપસ્થિતિમાં તમામ શાળાઓના આચાર્યોને શાળામાં કોમ્પ્યુટર સહીત કિંમતી સામાનની ચોરી અટકાવવા કઈ રીતે તકેદારી રાખી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું તેમજ શાળાઓમાં સીસીટીવી કેમેરા લગાવવાની જોગવાઈ કરવા પ્રાથમિક શિક્ષણાધિકારીને વિનંતી કરી હતી.

# હિંમતનગરની કસ્બા ખજુરીવાલી મસ્જિદના વહિવટદારો બદલાયા

## વકફ બોર્ડે ૧૧ હોદ્દેદારોની નવેસરથી વરણી કરી : વકફ બોર્ડની આવકમાં થયેલો વધારો શુ સુચવે છે

હિંમતનગર, તા. ૧૭

હિંમતનગરના હાજીપુરા વિસ્તારમાં આવેલ ત્રિકોણીયા એક નજીકની કસ્બા ખજુરીવાલી મસ્જીદના અગાઉના વહિવટદારો વિરૂદ્ધ વકફ બોર્ડમાં થયેલી રજુઆતો બાદ વકફ બોર્ડે તાજેતરમાં જુના હોદ્દેદારોને બદલી નાખીને નવા હોદ્દેદારોની નિમણુંક કરીને વહિવટમાં ફેરબદલ કરાયો છે. જેના લીધે હિંમતનગરમાં આ ધાર્મિક સંસ્થામાં અગાઉ થયેલા કેટલાક વહિવટને કારણે ચર્ચા જગાવી છે. જોકે નવા ૧૧ હોદ્દેદારોની નિમણુંક બાદ વકફ બોર્ડને આવક વધી છે. દરમિયાન મસ્જીદની ફરતે આવેલી દુકાનોના ભાડા પણ વધારી દેવાયા છે.

### નવા નિમાયેલા ટ્રસ્ટીઓની યાદી

- મકબુલઅહેમદ અ. રહેમાન વેકરીયા - પ્રમુખ
- અબ્દુલરહેમાન એસ. મેમણ - સેક્રેટરી
- મોહમદજાફર એહમદભાઈ હરસોલીયા - ટ્રસ્ટી
- ફકીરમહમદ ગુલામનબી મેમણ - ટ્રસ્ટી
- અબ્દુલરજાક અબ્દુલરસુલ ખાલક - ટ્રસ્ટી
- અબ્દુલરજાક ગુલામનબી મેમણ - ટ્રસ્ટી
- અબ્દુલરજાક અબ્દુલનબી પુનાસીયા - ટ્રસ્ટી
- મોહમદહબીબ અ. સત્તાર મેમણ - ટ્રસ્ટી
- ઝાકીરહુસેન મીયાએહમદ મુકડીવાલા - ટ્રસ્ટી
- ઉમરદરજ અબ્દુલરજાક ચશ્માવાલા - ટ્રસ્ટી
- ઝાકીરહુસેન મહોમદસફી પાંચભૈયા - ટ્રસ્ટી

આ અંગે વકફ બોર્ડ દ્વારા નિમણુંક કરાયેલ કારોબારી અધ્યક્ષ ઉમ્મરદરાઝ અબ્દુલરજાક ચશ્માવાલા (સિદ્ધપુર)ના જણાવાયા મુજબ હિંમતનગરમાં આવેલી કસ્બા ખજુરીવાલી મસ્જીદના અગાઉના વહિવટદારો દ્વારા જે વહિવટ કરાતો હતો તેમાં કેટલીક ગેરરીતીઓ થતી હોવાની બુમ ઉઠવા પામી હતી. ત્યારબાદ આ અંગે વકફ બોર્ડમાં કરાયેલી રજુઆત બાદ આ મસ્જીદના વહિવટ અંગે તપાસ કરવામાં આવી હતી. જ્યારે વર્ષો અગાઉ મસ્જીદનું અસ્તીત્વ આવ્યું ત્યારે મસ્જીદની કેટલીક જગ્યામાં અંદાજે ૩૦ દુકાનો બનાવાઈ હતી અને તેનુ ભાડુ પણ મામુલી હતુ. જેમજેમ સમય વિતતો ગયો તેમતેમ પરિસ્થિતિને અનુરૂપ ભાડામાં વધારો કરવામાં આવતો ન હતો જેથી વકફ બોર્ડને પણ વહિવટ ચલાવવામાં કેટલાક અંતરાયોમાંથી પસાર થવુ પડતુ હતુ. જ્યાં સુધી જુનુ બોર્ડ હતુ ત્યાં સુધી આ દુકાનોનુ ભાડુ માસિક અંદાજે રૂ. ૫૦ ની આસપાસ લેવામાં આવતુ હતુ.

તો બીજી તરફ વકફ બોર્ડ કારોબારી અધ્યક્ષની નિમણુક કર્યા બાદ કથા લઘુમતી સમાજના લોકો સાથે સંપર્ક કરી હકિકત જાણી હતી અને તેમાં અગાઉના હોદ્દેદારોએ પોતાની મનમાની ચલાવી હોવાનું બહાર આવ્યા બાદ વકફ બોર્ડ દ્વારા ધાર્મિક સંસ્થાઓનો વહિવટ પારદર્શક બને તે માટે જુના હોદ્દેદારોને દુર કરીને નવા ૧૧ હોદ્દેદારોની નિમણુંકની જાહેર સત્તાવાર રીતે કરી છે. જેથી મસ્જીદની જગ્યામાં આવેલી ૩૦ દુકાનોનુ ભાડુ લગભગ રૂ. ૪૮ હજારથી વધુનુ થઈ ગયુ છે. જેથી વકફ બોર્ડને પણ ફાયદો થયો છે. આ ઉપરાંત દર શુક્રવારે નમાઝ બાદ જે જોળી ફેરવવામાં આવતી હતી તેમાંથી પણ લગભગ માસિક રૂ. ૨૪ હજારથી વધુની આવક થઈ રહી છે.

અગાઉના વહિવટદારો દ્વારા જે મનમાની ચલાવાતી હતી તેના કારણે તેમને વહિવટ સમાજમાં ટીકાપાત્ર બની રહ્યો હોય તેવી ચર્ચા શરૂ થઈ ગઈ છે. કસ્બા ખજુરીવાલી મસ્જીદના નવા વહિવટદારોએ ચાર્જ સંભાળ્યા પછી જે પરીણામો દેખાઈ રહ્યા છે તેના પરથી લઘુમતી સમાજ તે વહિવટને આવકારી રહ્યો છે. જોકે કેટલાક લોકો આક્ષેપ સામે પ્રતિઆક્ષેપ પણ કરે તે અસ્થાને નથી.